ભારત વિકાસ પરિષદ દ્વારા બ્યુટી પાર્લરનો અભ્યાસ તા.૧૪મીથી

ભારત વિકાસ પરિષદ દ્વારા મહિલાઓ માટે સૌંદર્યની સંભાળ અને સજાવટનો બેઝિક બ્યુટી પાર્લરનો અભ્યાસક્રમ, ફૂલોની વેણી તેમજ બ્રાંચ બનાવતાં શીખવાડવામાં આવશે. તા. ૧૪મી ડિસેમ્બરથી ૩દિવસ અભ્યાસ ચાલશે. વિદ્યા ભરી શિક્ષા સંકુલ, દેના બેંકની સામે, સેકટર-૨૨.

ત્રણ દિવસ માટે રૂા. ૧૦૦ ફી રાખવામાં આવી છે. આ અભ્યાસક્રમમાં જોડાવવા ઇચ્છનારે મણીબેન દેસાઇ - મો. ૯૮૨૫૧૨૨૭૨૨, મોનાબેન જોષી -મો. ૯૪૨૯૯૬૬૮૮૭, વર્ષાબેન પંડ્યા - ૯૩૭૭૫૮૪૩૮૭, નો સંપર્ક કરવા જણાવેલ છે.

પાટનકુવાના તૂળજા ભવાની મંદિરે સ્થાનિક યુવાનો 'ભૂમિયા'ની ફરજ બજાવશે

ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક પાટનકુવા ગામે સ્વયંભૂ તૂળજા ભવાનું મંદિર આવેલું છે.

મહારાષ્ટ્રીયન પરિવારોની કુળદેવી અને કુલસ્વામીની હોવાથી મોટી સંખ્યામાં દર્શાનાર્થે યાત્રાળુઓ આવે છે. જેથી ગામના યુવાનો રાજેશગીરી ગૌસ્વામી, દશરથ ચૌધરી, પ્રવિણ ઠાકોર, વિનોદ પટેલ, ભાવિક ચૌધરી, મહેશ ઠાકોર, જગદીશ પટેલ વગેરે, 'ભૂમિયા'ની ફરજ બજાવશે. જે હાલમાં માનદ્‌સેવા પ્રશંસીય સેવા બજાવી રહ્યાં છે.

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે નેત્રચિકિત્સા યજ્ઞ યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલા સ્વામિનારાયણ મંદિર દ્વારા પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી સત્સંગ આરાધના પર્વ પ્રસંગે નેત્ર ચિકિત્સા યજ્ઞ તા. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૨ને શનિવારે બપોરે ૨.૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. ગાંધીનગરના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલ દ્વારા વિના મૂલ્યે તપાસ, યોગ્ય સારવાર, સલાહ અને જરૂરી દવા આપવામાં આવશે. સેવા યજ્ઞનો લાભ લેવા ઈચ્છતા સજ્જને મંદિરમાંથી ફોર્મ મેળવી સ્લીપ ભરી ૧૭મી સુધી આપી જવા આયોજકોએ જણાવ્યું છે.

સેંટ ઝેવિયર્સ શાળાનું ગૌરવ

ગાંધીનગર શહેરના સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ શાળાના વિદ્યાર્થી ઈશાન રાજેન્દ્રકુમાર દવેએ તાજેતરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર દ્વારા લેવાયેલી વિજ્ઞાન પ્રવાહ ત્રૃતીય સેમેસ્ટરમાં 'એ' ગૃપમાં ૬૫૦માંથી ૫૫૭ ગુણ મેળવી સમગ્ર શાળામાં 'છ્ ' ગ્રેડ મેળવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે જેને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

જી.ડી.એમ. કોબાવાળા હાઈસ્કૂલમાં માઈન્ડ પાવર વર્કશોપ યોજાયો

ગાંધીનગર તાલુકાના કોબા ગામે આવેલી શ્રી જી.ડી.એમ. તથા શ્રી એચ.એન. જે. કોબાવાળા હાઈસ્કૂલમાં વીકેર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા માઈન્ડ પાવર વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

વીકેર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આયોજીત માઈન્ડ પાવર કાર્યક્રમમાં યોગ, પ્રાણાયામ, લાફીંગ તેમજ યાદશક્તિ વધારવાનું પ્રેક્ટીકલ તેમજ થીયરીકલ માર્ગદર્શન ખૂબ જ સરસ રીતે વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન જે.સી. પટેલ તથા અન્ય સભ્યો મુકુન્દભાઈ ભટ્ટ, ઘનશ્યામ બારોટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. એમ શાળાના આચાર્ય વી.એમ. પટેલે જણાવ્યું છે.

ચૂંટાયેલા ઉમેદવારને ઓફિસ શરૂ કરવા નાગરિકોનું સૂચન

આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમમાં ઉત્તર બેઠકના ભાજપના ઉમેદવાર અશોક પટેલે હાજરી આપવાની તસ્દી ન લીધી

ગાંધીનગર, તા.૧૨

આગામી વિધાનસભા ૨૦૧૨ની ચૂંટણીને અનુલક્ષી ગાંધીનગરમાં આજે 'આપણા ઉમેદવારને ઓળખો' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૭ ઉમેદવારોએ હાજરી આપી હતી. આ તબક્કે ઉપસ્થિત અગ્રણીઓએ ઉમેદવારો સાથે સીધી પ્રશ્નોત્તરી કરી નગરને મુંઝવતા પ્રશ્નો રજુ કર્યા હતા જયારે જે ઉમેદવાર ચૂંટાય તેમણે પોતાની ઓફિસ કાર્યરત કરવા પણ સૂચવાયું હતું. જો કે ઉમેદવારની ઓળખ છતી કરતા કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર જ ગેરહાજર રહ્યા હતાં.

શહેર વસાહત મહામંડળ દ્વારા વર્ષ ૧૯૭૦થી આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવતા પ્રતિનિધિઓની ઓળખ તેમજ નાગરિકો તેમની સાથે સીધો સંવાદ અને પ્રશ્નોત્તરી કરી શકે તે માટે મહામંડળ દ્વારા આ કાર્યક્રમ ચૂંટણીને અનુલક્ષીને યોજવામાં આવે છે. અત્યાર સુધી ૧૦ જેટલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીને આજે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે આજે સેકટર-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ઉમેદવારને ઓળખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સુરેશ પટેલ, ઉપરાંત અપક્ષના ઉમેદવાર રાજભાઈ પ્રજાપતિ, પ્રતાપસિંહ રાઠોડ, સુખદેવસિંહ વાઘેલા, પ્રશાંત બાબુલાલ પટેલ, મહેન્દ્ર સવજીભાઈ પટેલ, ભીખાભાઈ ચિમનભાઈ જોષી સહિતના ઉમેદવારો હાજર રહ્યા હતાં. ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર એમ.આર. પટેલ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. પરંતુ આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર અશોક પટેલે હાજરી આપવાની તસ્દી લીધી ન હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સ્વૈચ્છિક અને સામાજીક આગેવાનો સહિત નગરના અગ્રણીઓએ ઉમેદવારો સાથે પ્રશ્નોત્તરી કરી હતી. શહેરને સ્પર્શતી સમસ્યાઓ અને કર્મચારીઓને લગતા પ્રશ્નો પૂછયા હતા. આ તબક્કે નાગરિકોએ જે ઉમેદવાર ચૂંટાય તેમણે પોતાની ઓફિસ કાર્યરત કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન પ્રજાલક્ષી ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવાલે પણ કાર્યક્રમને બિરદાવતા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

(તસવીર : દિપક જાની)

સ્વામિનારાયણ ધામ, કોબાનો ૨૧ થી ૨૭ દરમિયાન રજત જયંતિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (એસ.એમ.વી.એસ.)નો રજત જયંતિ મહોત્સવ ખૂબ જ ભવ્યતાથી ઉજવાશે જેના અનુસંધાને ગાંધીનગર કોબા સ્થિત સ્વામિનારાયણ ધામ ખાતે તા.૨૧મી ડિસેમ્બરથી ૨૭મી ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન રજત જયંતિ મહોત્સવ યોજાશે. જેમાં સ્વામિનારાયણ ધામ પરિવાર દ્વારા બાળનગરી, આનંદનગરી, અન્નકૂટ દર્શન, મહાપૂજા, અખંડ અભિષેક, પ્રદર્શન, વ્યસનમુકિત શો વગેરે યોજાશે.

ભગવાન સ્વામિનારાયણના મૂળભૂત સિધ્ધાંતો અને સંકલ્પોને સાકાર કરતી સંસ્થા એસ.એમ.વી.એસ.ને જોતજોતામાં ૨૫ વર્ષ પૂર્ણ થયા. સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પ મુજબ સર્વોપરિ ઉપાસના પ્રવર્તાવવી તથા પંચવર્તમાનેયુકત વર્તનશીલ સમાજની રચના કરવાની દૃઢ નેમ સાથે એસ.એમ.વી.એસ. સંસ્થા પૂરજોશમાં સંપ્રદાયમાં પ્રગતિ કરી રહી છે. સ્વામિનારાયણ ભગવાને પોતાના જીવન દ્વારા બતાવેલો રાહ કે સંતોએ સ્ત્રી-પુરુષોની સભા એકબીજાને દેખી ન શકે તેવી રીતે કરવી, સંતોએ સ્ત્રી અને ધનનો સંપૂર્ણ ત્યાગ રાખવો જેવા અનેક આચરણોને એસ.એમ.વી.એસ. સંસ્થા અદ્યપિ પર્યંત આચરણમાં રાખી રહી છે. નાનો નાનો પણ રાઈનો દાણો કહેવતને સાર્થક કરી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ૨૫ વર્ષની નાની એસ.એમ.વી.એસ. સંસ્થા નિષ્ઠા અને નિયમ ધર્મમાં મોખરે સ્થાન મેળવી રહી છે. તદઉપરાંત, સમાજઉત્થાન માટે પણ કટિબધ્ધ બની શિક્ષણ દ્વારા

વિદ્યાર્થીઓના જીવનમાં સંસ્કારોનું ઉત્તમ સિંચન કરવા શાળા-મહાશાળાઓ તથા ગુરૂકુલની રચના, આદિવાસી ઉત્કર્ષોની અનેકવિધ પ્રવૃત્તિઓ, સમાજને વહેમ-અંધશ્રધ્ધાઓ, વ્યસન, ફેશન, ફેલફતુરથી વિરકત કરવા, ગરીબ તથા શારીરિક ખોડ-ખાંપણવાળા વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ-શિષ્યવૃત્તિ સહાય જેવાં કાર્યો દ્વારા એસ.એમ.વી.એસ. સંસ્થા સમાજમાં શિરમોર બની ગઈ છે.

૨૫ વર્ષના ટૂંકાગાળામાં સંપ્રદાયમાં અને દેશ વિદેશમાં મોખરાનું સ્થાન મેળવી રહેલી સંસ્થાનો તા.૨૧થી ૨૭ ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરની સંકલ્પ ભૂમિ ઉપર ખૂબ જ ભવ્યતાથી રજત જયંતિ મહોત્સવ ઉજવવાનો એસ.એમ.વી.એસ. સંસ્થાના આદ્યસ્થાપક પ.પૂ.એ.મુ.સદ્‌. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દિવ્ય સંકલ્પ કર્યો છે. જેમાં દરરોજ બપોરે ૩ થી ૮ દરમિયાન અલગ અલગ દિનના સ્ટેજ પ્રોગ્રામમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિદ્વાન સંતોના પ્રવચનો, પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની હૃદયસ્પર્શી દિવ્યવાણી, દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય આર્શીવાદ, બાલિકાદિન તથા યુવતી દિન, નાનાં ભૂલકા તથા બાળકો માટે જીવનલક્ષી કિડઝ વર્લ્ડ, બાલનગરી-આનંદનગરી, ભવ્ય અન્નકૂટ દર્શન, અખંડ મહાપૂજાનો લ્હાવો, હિન્દી ભાષી ભકતો માટે અલગ સભા, અખંડ અભિષેકનો લ્હાવો, જીવનસ્પર્શી કાયમી પ્રદર્શન, વ્યસનમુકિત શો, પરિવારલક્ષી ટેલીફિલ્મ શો જેવા અનેક આકર્ષણોનો લ્હાવો લેવા પધારવા જાહેર ધર્મપ્રેમી ભકતજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા ૧૪મીએ જનસુનાવણીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ગુજરાત ઈલેક્શન કવરેજ મોનિટરિંગ કમિટિ દ્વારા તારીખ ૧૪ ડિસેમ્બર-૨૦૧૨નાં રોજ અમદાવાદ ખાતે જનસુનાવણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમ લાયન્સ હોલ, મીઠાખળી છ રસ્તા, મહારાષ્ટ્ર સોસાયટી, એલિસબ્રીજ ખાતે સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા દરમ્યાન યોજાશે. જેમાં સમાચાર માધ્યમોમાં ચૂંટણીનાં સંદર્ભમાં પેઈડ ન્યુઝનાં કિસ્સાઓ અને પ્રેસ સ્વાતંત્ર્યનો ભંગ થયો હોય તેવા કિસ્સાઓ અંગે પ્રેસનાં સભ્યો તથા જાહેર જનતા પોતાની રજુઆત કરી શકશે. જેની તપાસ મોનિટરીંગ કમિટિ દ્વારા હાથ ધરવામાં આવશે.

ચાર સભ્યોની બનેલી આ કમિટિમાં શ્રી રાજીવ રંજન નાગ, શ્રી કલ્યાણ બરૂઆ, શ્રી નીરજ બાજપાઈ અને શ્રી સંદીપ શંકરનો સમાવેશ થાય છે. અમદાવાદ ઉપરાંત આ કમિટિ રાજકોટ, સુરત અને વડોદરાની પમ મુલાકાત લેશે. આ અંગે માહિતીની આપ-લે માટે nrajeevranjan@gmail.com પર ઈમેલ કરી શકાશે.

દેના બેંકના નિવૃત્તોનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર અને જિલ્લાના દેના બેંકના નિવૃત્ત સભ્યોનું સ્નેહમિલન, દેનાબેંક સેકટર-૧૬ની બ્રાન્ચમાં, દેનાબેંકના રિજીયોનલ મેનેજરશ્રી મહેન્દ્રભાઈ શાહની નિશ્રામાં યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેનાબેંક રિટાયર્ડ એમ્પ્લોઈઝ એસોસિએશન અમદાવાદના જનરલ સેક્રેટરી કોમરેડ રસિકભાઈ આચાર્ય, સેક્રેટરી કોમરેડ મયૂરભાઈ દેરાસરી, ઉપપ્રમુખ કોમરેડ આઈ.બી. જાદવ, દેનાબેંક સેકટર-૧૬ના ચીફ મેનેજર શ્રી એસ.એમ. વ્યાસ અને સેકટર-૨૨ના ચીફ મેનેજર શ્રી એસ.એમ. વ્યાસ અને સેકટર-૨૨ના ચીફ મેનેજરશ્રી નલિનકુમાર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

સ્નેહમિલનના પ્રારંભે દેનાબેંક રિટાયર્ડ એમ્પ્લોઈઝ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી કોમરેડ ભરત કવિએ સંગઠનના આગેવાનો અને દેનાબેંકના ગાંધીનગર શહેર-જિલ્લામાંથી આવેલા સહુ સભ્યોને ઉષ્માભર્યો હાર્દિક આવકાર આપી, આ સ્નેહમિલનના આયોજનના પ્રેરક અને યજમાન એવા દેનાબેંકના રીજીયોનલ મેનેજર શ્રી મહેન્દ્રભાઈ શાહ માટે કૃતજ્ઞતાની લાગણી દર્શાવી હતી. આ પ્રસંગે દેનાબેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, અમદાવાદના કોમરેડ રસિક આચાર્ય કોમરેડ મયુરભાઈ દેરાસરી અને દેનાબેંક ગાંધીનગરના રીજીયોનલ મેનેજર શ્રી મહેન્દ્રભાઈ શાહે સહુને હાર્દિક શુભકામનાઓ સાથે દેનાબેંકની પ્રગતિમાં બેંકના નિવૃત્ત સભ્યોના બહમૂલ્ય યોગદાનની પ્રશંસા કરીને વર્તમાન સમયમાં પણ દેનાબેંકની વિકાસકૂચમાં દરેક નિવૃત્ત વડીલો પોતાનો સિંહફાળો આપીને બેંકના હમસફર અને રાહબર બની રહે એવી અભિલાષા વ્યકત કરી હતી.

ઉપરોકત સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંગઠનના સહમંત્રી કોમરેડ ભરત કવિએ કર્યું હતું. જયારે સમાપન દેનાબેંક, સેકટર-૧૬ની બ્રાન્ચના ચીફ મેનેજર શ્રી એસ.એમ. વ્યાસે કર્યું હતું. શ્રી વ્યાસસાહેબે સમારંભની સમાપન વિધિની સાથો સાથે સંગઠનના બિલ્ડીંગ ફંડમાં બેંકના હાલ કાર્યરત કર્મચારી-અધિકારીઓને પણ ઉદારતાનો સહયોગ આપવા માટે તેમજ દેનાબેંકની ક્ષેત્રિય કચેરીમાં બેંકના પેન્શનરો માટે ખાસ 'પેન્શનસેલ' ઉભું કરવા માટેનું મહત્વનું સૂચન કર્યું હતું.

ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગરની ડિરેક્ટરી તૈયાર કરાશે

દરેક ફોટોગ્રાફરને ૩૧મી સુધી ફોર્મ ભરી જવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ફોટોગ્રાફર મિત્રો દ્વારા ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગર (PAG) પી.એ.જી. છેલ્લા ઘણા સમયથી કાર્ય કરે છે. એસોસિએશનના દરેક સભ્યની માંગણીને ધ્યાનમાં રાખી આવતા વર્ષે-૨૦૧૩માં ફોટોગ્રાફર એસોસિશન ઓફ ગાંધીનગરની ડિરેક્ટરી બહાર પાડવામાં આવશે. જે અંતર્ગત જૂના સભ્યોએ નામ રિન્યુ કરવા અને જે સભ્ય બન્યા ન હોય તેવા ફોટોગ્રાપર મિત્રોએ નામ નોંધાવી દેવા જણાવાયું છે.

પી.એ.જી.ના દરેક સભ્યની એક વિસ્તૃત માહિતી સાથેની એક ડિરેક્ટરી બહાર પાડવામાં આવશે. ડિરેક્ટરીમાં જે પી.એ.જી.ના મેમ્બર હશે તેમનો જ સમાવેશ થશે. તેથી જે વિડીયો, ફોટોગ્રાફર મિત્રો હજુ સુધી પી.એ.જી. એસોસિએશનમાં સભ્ય બન્યા નથી. અથવા જૂના સભ્યોએ ૨૮મી ઓકટોબર-૨૦૧૨ના રોજ સમયના અભાવે નામ રિન્યુ કરાવેલ નથી તેવા બધા જ મિત્રોને ૩૧મી ડિસેમ્બર સુધીમાં પોતાની મેમ્બરશીપ મેલવી લેવા જણાવાયું છે. એસોસીએશનના પ્રમુખ પ્રવીણભાઈ ઠક્કર (પીન્ટુભાઈ) એ પી.એ.જી.માં જોડાવા માંગતા સભ્યોને પોતાની વિસ્તૃત માહિતી મંગલમ્ સ્ટુડીયો, દુકાન નં. ૪૩૭, જૂની શાલીમાર સિનેમા પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતેથી ફોર્મ મેળવી તેને ભરીને આપવા જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો મો. નં. ૮૭૩૨૯૨૯૯૯૪ પરથી મળી શકશે.

ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળનું રજત જયંતિ વર્ષ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળના પ્રમુખ બી.પી. પ્રજાપતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળના રજત જયંતિ વર્ષની ઉજવણી તા. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે આર્મી કેમ્પ, ચિલોડા, ગાંધીનગર ખાતે ઉજવાશે.

રજત જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે આર્મી તથા એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ ૧૬મી ડિસેમ્બરને રવિવારે આર્મી કેમ્પ, ચિલોડા, ગાંધીનગર ખાતે ખાસ હાજર રહેશે. કાર્યક્રમમાં ભૂતપૂર્વ સૈનિકોના પ્રશ્નોની છણાવટ કરી વિચાર વિમર્શ કરવામાં આવશે. સાથે સાથે વીર નારીઓ, ભૂતપૂર્વ સૈનિકોની વિધવાઓ તથા વરિષ્ટ ભૂતપૂર્વ સૈનિકોનું સન્માન કરવામાં આવશે તેમજ ભૂતપૂર્વ સૈનિકોના તેજસ્વી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો તથા પરિવારજનો ખાસ ઉપસ્થિત રહેશે.

પર્સની ઉઠાંતરીના કેસમાં પોલીસે છારા ગેંગના આઠ ઈસમોને ઝડપ્યા

કાનન પાર્ટી પ્લોટમાં સત્કાર સમારંભ દરમ્યાન લાખોની મત્તા ભરેલુ પર્સ સેરવી લીધું હતું

ગાંધીનગર, તા. ૧૨

કોબા ઈન્દીરા બ્રીજ હાઈવે સ્થિત કાનન પાર્ટી પ્લોટમાં બે દિવસ પૂર્વે યોજાયેલા સત્કાર સમારંભ દરમ્યાન દાગીના અને રોકડ સાથે ૬.૨૧ લાખની મતા ભરેલા પર્સની ઉઠાંતરી કરવાના કેસમાં પોલીસે છારા ગેંગના આઠ ઈસમોને ઝડપી પાડ્યા છે. લગ્નના ભોજન સમારંભમાં પરિસ્થિતિનો તાગ મેળવી ટાબરીયાઓની મદદથી કિંમતી સરસામાનની ઉઠાંતરી કરતી ગેંગને પોલીસે ઝડપી લીધી છે.

અમદાવાદમાં મણીનગર વિસ્તારમાં રહેતા ગૌતમભાઈ ગંગારામ સમ્રાટના દિકરાના લગ્ન અન્વયે કોબા ઈન્દીરાબ્રીજ હાઈવે પર સ્થિત કાનન પાર્ટીપ્લોટમાં રીસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્કાર સમારંભ દરમ્યાન મહેમાનોની અવરજવર વચ્ચે અચાનક જ સફેદ રંગનું એક પર્સ ગુમ થયુ હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. દાગીના તેમજ રોકડ ભરેલા આ પર્સમાં કુલ રૂપિયા ૬.૨૧ લાખની મતા હતી. જ્યારે રીસેપ્શન દરમ્યાન ફરતા અજાણ્યા ટાબરીયાઓ નજર ચુકવીને પર્સની ઉઠાંતરી કરી ગયાનું પણ મનાઈ રહ્યું હતું.

આ મામલે ગૌતમભાઈએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. કિંમતી દાગીના અને રોકડ ભરેલા પર્સની ઉઠાંતરી સંદર્ભે અડાલજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી. પરમારે ગુનો નોંધી આરોપીઓનું પગેરૂ સોંધવા તપાસનો દોર હાથ ધર્યો હતો. આ દરમ્યાન પોલીસે છારા ગેંગના આઠ ઈસમોને ઝડપી લીધા છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર આ ગેંગના બે સભ્યો સત્કાર સમારંભમાં હાજર રહીને મોકાનો લાભ ઉઠાવવાની ફિરાકમાં હતા. જ્યારે મોકો મલતા જ આંખના પલકારામાં આ ઈસમો પર્સની ઉઠાંતરી કરી સ્તળ પરથી રીક્ષા લઈ નાસી ગયા હતા. પોલીસે પકડેલા આ ઈસમો નારણ ફકીરચંદ રાઠોડ, અશોક અબાલાલ મકવાણા, જીતેન્દ્ર ઉર્ફે જીતુ કનૈયા મકવાણા, દિપક નારણ રાઠોડ, દિનેશ અશોક મકવાણા, સવિતા નારણ રાઠોડ તેમજ મધુ અશોક મકવાણા હોવાનું સુત્રોએ જણાવ્યું છે. આ મામલે પોલીસે વધુ પુછતાછ હાથ ધરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫
ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦
તલાશ : ૧૨.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦
તલાશ : ૪.૦૦, ૬.૪૫

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
જબ તક હૈ જાન : ૬.૧૫
ખેલાડી : ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫
તલાશ : ૧૧.૪૫, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૪૫
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૦.૦૦
તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
તલાશ : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગોરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

વિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ-સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.

વૃષભ : આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

મિથુન : નોકરીમાં પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

કર્ક : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

સિંહ : ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. વ્યાપારિક કાર્યામાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થઈ શકે છે.

કન્યા : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

તુલા : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

વૃશ્ચિક : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

ધન : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટું બિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

મકર : નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

કુંભ : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

મીન : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય. અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

ચિરવિદાય

- સ્વ. પટેલ મણીલાલ પ્રભુદાસ (ઉ.વ. ૭૮) એ.-૧૦૧, શુકન સિલ્વર, રેસીડેન્સી, મુ. પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પટેલ ધુળાભાઈ શંકરદ